

# મફતનો સાબુ

રાજપરમાં એક ટીકાશેઠ હતા. મોટા વેપારી હતા, પણ અમદાવાદમાં રહેતા હતા.

આ ટીકાશેઠને એક જ દીકરો હતો. તેને પરણાવવાનો હતો.

ટીકાશેઠ રાજપરમાં આવી ગયા. પોતાનાં જૂનાં ઘર ઉઘાડ્યાં.

પોતાની જન્મભૂમિમાં જ લગ્નની ધામધૂમ ગોઠવી.

ટીકાશેઠ અને દલાશેઠ સગા કુટુંબી હતા. તેથી લગ્નનું કામકાજ ટીકાશેઠે દલાશેઠને સોંપી દીધું.

પણ ખાસ કામ તો તભા ભટને અને મિયાં ફુસકીને સોંપી દીધું.

રાજપરમાં ટીકાશેઠે ધામધૂમ માંડી દીધી.

આખા ગામને મોજ થઈ. એમાંય ફુસકી મિયાં અને તભા ભટ તો બધામાં પહેલા. તભા ભટને એક પળનીયે નવરાશ નથી. કેટલાંય કામ તભા ભટને સંભાળવાનાં છે. મિયાં ફુસકીને ફુરસદ ન મળે. વિવાહમાં તો હજારો કામ હોય. ગણવા બેસીએ તો પાર આવે નહીં.

ટીકાશેઠ કહે : “જુઓ ભટજી! તમે છો અને આ ફુસકી મિયાં છે. બધું કામ તમારે સંભાળવું.”

ફુસકી મિયાં બોલ્યા : “અમે બધાં કામ પૂરાં કરીશું. તમતમારે ખાઓ, પીઓ, ફરો અને આનંદ કરો.”

ખરેખર, ટીકાશેઠને કોઈ વાતની ચિંતા રહી નહીં. મિયાં ફુસકી અને તભા ભટ બધાં કામ કરી લે છે.



દલાશેઠ બળીને ખાખ થઈ ગયા.

ટીકાશેઠ તો પોતાના જાતભાઈ છે. તેના કાકા ને પોતાના કાકા સગા ભાઈ હતા. એટલે કશી જુદાઈ નથી. ટીકાશેઠના કામમાં તો દલાશેઠ પહેલા હોય. બધાં કામ તેમના જ હાથમાં હોવાં જોઈએ. તો પોતાનો મોભો ગણાય. પણ અહીં તો કોઠારની ચાવી તો કે મિયાં ફુસકી પાસે. ગાદલાં ને ગોદડાં તો કે ફુસકી મિયાંના હાથમાં. ગોળ, ઘી, લોટ જોઈએ તો કે આપશે મિયાં ફુસકી.

વિવાહનું કામ છે. લોકોની મંડળી જામી છે. એમાં તો ચા, પાન, સોપારી, લવિંગ, એલચી, તજ, વરિયાળી, ધાણાદાળ એવું ઘણું ઘણું જોઈએ. એ બધું લઈ લઈને ફુસકી મિયાં દોડાદોડી કરે છે. દલાશેઠ મનમાં બળે છે. એવામાં દલાશેઠને લાગ મળી ગયો.


ચા પિવાઈ ગઈ. હવે પાનનાં બીડાં જોઈએ. ફુસકી મિયાં પાન, કાથો, ચૂનો એ બધાંની તાસક લઈને આવ્યા. તાસક આગળ મૂકી.

આ તો ગામડું છે. અહીં તૈયાર પાન ના મળે. હાથે બનાવી લેવાનાં.

સવાઈલાલ બોલ્યા : “ભાઈ, પાન તો ફુસકી મિયાં લાવ્યા, પણ બનાવે કોણ?”

દલાશેઠે તાસક પોતાની આગળ ખેંચી લીધી અને મોઢું મલકાવીને બોલ્યા : “પાન બીજું કોણ બનાવે! જેણે પાન ખાધાં હોય તે બનાવે. અમે બનાવીશું. પાન બનાવવાં એ બેવકૂફોનાં કામ નથી. ચૂનો વધારે થઈ જાય તો મોઢું ફાટી જાય. કાથો વધે તો કડવું ઝેર થઈ જાય.”

આમ બોલીને દલાશેઠે ફુસકી મિયાં સામે જોયું. જાણે કે પોતે ફુસકી મિયાંને જ બેવકૂફ બનાવ્યા એમ માનીને હસ્યા.



ફુસકી મિયાં ચૂપ રહ્યા. ચૂપચાપ બેસી રહ્યા. પાન બનાવી બનાવીને બધાને દલાશેઠ આપવા લાગ્યા, પણ ફુસકી મિયાંને આપ્યું નહીં.

સવાઈલાલ બોલ્યા : “અરે દલાશેઠ! બધાને તમે પાન આપ્યાં. બધાનાં મોઢાં લાલ થયાં, પણ આ ફુસકી મિયાંનું મોઢું લાલ નથી થયું કેમ?”

દલાશેઠ બોલ્યા : “હમણાં બનાવું. મને એમ કે ઘણા બેવકૂફો પાન નથી ખાતા. એમ માનીને અમે ના બનાવ્યું.”

દલાશેઠે પાન બનાવ્યું, પણ કાથો એટલો બધો ધમકાવી દીધો કે કડવું ઝેર પાન લાગે. એ ફુસકી મિયાંએ ખાધું. કડવું લાગ્યું એટલે ફુસકી મિયાંએ મોઢું બગાડ્યું. એ જોઈને દલાશેઠ હળવું હળવું હસ્યા. ફુસકી મિયાં મનમાં સમજીને રહી ગયા. દલાશેઠને મોજ આવી.

હવે ગામની ધામધૂમ પૂરી થઈ.


જાન ચાલી. વરરાજાની મોટર શણગારી હતી. એ બધાથી આગળ હતી.

ચાર ગાઉ દૂર જાન જવાની હતી.

ટીકાશેઠને ભારે ઉમંગ હતો. દીકરાને પરણાવવો અને વિવાહનો આનંદ વધે એ માટે ખાસ મોટર-ખટારામાં જાન લઈ જવાનું નક્કી કરેલું.

જાનની મજા આવે એ માટે વરરાજાની મોટર સૌથી આગળ હતી. બીજી મોટરમાં બહેનો બેઠી હતી. ત્રીજી મોટરમાં નાની-મોટી બહેનો હતી. કોયલના ટહુકા થતા હોય એવા મીઠા રાગથી ગીત ગવાતાં હતાં.

નાનકડી બહેનો સરસ ગીતો ગાતી હતી. આવાં ગીતો ગવાય તો જ જાનની ખરી મઝા આવે. એટલે ટીકાશેઠે બહેનો માટે ખાસ મોટર રાખી હતી. એ બધું ગોઠવવાનું કામ ફુસકી મિયાંનું હતું. બધા ગોઠવાઈને મોટરોમાં બેસી ગયા. હવે કોઈ બાકી નથી. ફુસકી મિયાં હજી દોડાદોડીમાં હતા. સહુથી



પાછળ પોતે બેસવાના હતા. એક મોટરમાં પોતાને બેસવાની જગા ખાલી રખાવી હતી. દલાશેઠ એ વાત જાણી ગયા. ચાલવાની તૈયારી થઈ કે ગોધા ઠક્કર લફડ ફફડ કરતા આવ્યા. તે પાછળ રહી ગયા હતા.

'હું ક્યાં બેસું, હું કઈ મોટરમાં ચડું?'

આમ બબડતા આમતેમ ડાફોળિયાં મારવા લાગ્યા. મોટર ખીચોખીચ ભરાઈ ગઈ હતી. દલાશેઠ એકદમ ઊભા થઈ ગયા અને ગોધા ઠક્કરને કહે કે ઠક્કર, તમે બેસો અહીં.

આમ કહી પોતાની જગા પર ગોધા ઠક્કરને બેસાડ્યા અને પોતે જઈને ફુસકી મિયાંની જગામાં બેસી ગયા. મોટરો ચાલી નીકળી. ફુસકી મિયાં દોડતા આવ્યા. જોયું તો પોતાની જગા પર દલાશેઠ ગોઠવાઈ ગયા છે.

ફુસકી મિયાં આવ્યા એટલે દલાશેઠ મોઢું આડું કરીને હસવા લાગ્યા. જાણે કે આ બીજો ઘા ફુસકી મિયાંને માર્યો.

ફુસકી મિયાં પણ ચૂપ રહી ગયા. મનમાં સમજી ગયા કે દલાશેઠે આ બાજી ગોઠવી છે.

ઠાકોર જોઈ ગયા. પોતાની મોટરમાં ફુસકી મિયાંને લઈ ગયા. એટલે તો દલાશેઠનું હસવું ઊડી ગયું.

જાન પહોંચી ગઈ કન્યાના ગામમાં.

વેવાઈનું ગામ છે. બૅન્ડવાજાં વાગ્યાં. ધડાકા થયા. જાનને ધામધૂમથી ગામમાં લઈ ગયા. એક મોટા ઘરમાં ઉતારો આપ્યો. સાંજે જાન પહોંચી અને તરત જમવા બેસાડ્યા. ફુસકી મિયાંને પણ એક બાજુ બેસાડી દીધા.

દલાશેઠે નવો ઘાટ ઘડ્યો. તેઓ રસોડા બાજુ ગયા. પીરસનાર તો ઘણા હોય, પણ બધી રસોઈની તપાસ રાખનાર મુખ્ય રસોઇયો હતો. તેને મળીને દલાશેઠે કહ્યું કે પેલા મિયાંજી જમવા બેઠા



છે. તેમને અમે ખાસ જાનમાં લઈ આવ્યા છીએ, પણ તેમને ખાસ અમુક જ રીતનું ખાવાનું ભાવે છે. મગજ ચક્કર જેવું છે એટલે પોતાને ભાવે એવું ખાવા ન મળે તો ઊઠીને ભાગે છે. માટે તેમને જરા સાચવવા પડશે.

રસોઇયો કહે : “આપ કહો એવું તૈયાર કરીને મિયાંજીને પીરસીશું.”

રસોઇયો સમજ્યો કે આ કોઈ જાનના આગેવાન હશે. તેને શું ખબર કે આ તરકટી દલાશેઠ છે!

દલાશેઠ બોલ્યા : “દાળ લાવો. એમાં હું કહું એ પ્રમાણે મીઠું-મરચું નાખો. પછી એ દાળ જ તેમને પીરસજો.”

રસોઇયાએ જુદી દાળ લીધી. એમાં મૂઠી ભરીને મીઠું નખાવી દીધું. શાક લઈને એમાં મરચું ભારોભાર નાખ્યું.

દલાશેઠે કંઈ બાકી ન રાખી. કહ્યું કે અમારા મિયાંશેઠ ગળપણ જમતા નથી. તેમના માટે ખાસ મોળો શીરો બનાવી દો. પૂરીમાં મીઠું અને મરચું ચડિયાતું નાખો. બીજું કંઈ પીરસવાનું નથી.

બધાને પીરસાઈ ગયું. ફુસકી મિયાંને પણ દાળ, શાક, શીરો અને પૂરી પીરસી દીધાં.

દલાશેઠે વાત બાકી રાખી નહીં. કન્યાના બાપને જઈને કહી આવ્યા કે અમારા મિયાંશેઠ ખાસ માનીતા છે. જરા આગ્રહ કરજો. એ રહ્યા મિયાંભાઈ. આપણા વાણિયાની રસોઈ જમ્યા હોય નહીં. માટે કહેજો કે અમારી વાણિયાની રસોઈ છે માટે ન ફાવે તો માફ કરજો.

કન્યાના પિતા શું જાણે કે આ દલાશેઠનું તરકટ છે! તે તો બિચારા મિયાં ફુસકી પાસે ગયા અને ભારે વિવેકથી બોલ્યા : “જુઓ મિયાંસાહેબ! કંઈ ખામી રહી ગઈ હોય તો માફ કરજો.





અમારી વાણિયાની રસોઈ કદાચ આપને ન ભાવે તો પહેલેથી ક્ષમા માગું છું.”

ફુસકી મિયાં બોલ્યા : “ન શું ભાવે? અમે તો જન્મ્યા ત્યારથી વાણિયા ભેગા રહેતા આવ્યા છીએ. અમને વાણિયાની રસોઈ તો બહુ ભાવે.”

દલાશેઠ મનમાં ભારે રાજી થઈ રહ્યા છે. હવે બધા જમવા લાગ્યા. ફુસકી મિયાંએ જ્યાં શીરો મોંમાં મૂક્યો ત્યાં તો મોળો મસ, ફીકો ફસ. વિચાર કરે છે કે વાણિયાભાઈના શીરા આવા હોતા હશે? ટીકાશેઠને ત્યાં તો મીઠો મધ જેવો શીરો જમ્યા છીએ. કદાચ આ ગામના વાણિયાનો શીરો આવો મોળો થતો હશે!

હવે જ્યાં દાળનો સબડકો ભરે છે ત્યાં તો ખારી ખારી ઊસ. મોઢામાં દાળ ગઈ કે કંઈનું કંઈ થઈ ગયું. તાળવું તમતમી ઊઠ્યું. પાણી પી ગયા ત્યારે શાંતિ થઈ.

મિયાં મોઢું બગાડીને મનમાં બોલ્યા : ‘હત્તેરી દાલ કી! આ ગામના વાણિયાની દાળ આવી હોતી હશે? લાવો ત્યારે શાક ખાઈ જોઈએ.’

જ્યાં શાક ખાય છે ત્યાં તો મોઢું બળીને ખાખ. જાણે કે મરચાંનો કોળિયો મોઢામાં મૂક્યો. મિયાં ફુસકી વિચારે છે કે આ ગામના વાણિયા ભારે ભાઈ! આવાં તીખાં શાક ખાતા હશે?

હોય ભઈ! કોઈને ખારુંય ભાવે અને તીખુંય ભાવે. મોળું ભાવે. શીરો ભાવે એવો નથી, દાળ ખવાય એવી નથી, શાકમાં તો મરચું જ મરચું છે. માટે હવે પૂરીઓ ખાઈએ.

જ્યાં મોઢામાં નાખે ત્યાં તો જાણે કે મીઠા કે મરચાંની બનાવી હોય એવી. એ પણ ખવાય એવી નથી. ફુસકી મિયાં પાણી પીને બેઠા.

દલાશેઠના આનંદનો પાર રહ્યો નહીં. એવામાં વિવેક કરતા અને બધાને જમજો જમજો એમ આગ્રહ કરતા કન્યાના પિતાજી આવ્યા. દલાશેઠે તેમને કહ્યું

કે અમારા મિયાંશેઠને જરા આગ્રહ કરીને જમાડો. ખાસ કહેજો કે વાણિયાની રસોઈ ભાવશે નહીં પણ જમજો.

મિયાં ફુસકી બોલ્યા : “તમારો વાણિયાનો શીરો આવો હોય?”

કન્યાના પિતાજી કહે : “જી હા.”

ફુસકી મિયાં બોલ્યા : “તો એ આ તમારો શીરો!” એમ કહીને શીરો લઈને ફેંકી દીધો નીચે.

ફુસકી મિયાં બોલ્યા : “તો તમારી વાણિયાની દાળ પણ આવી જ હોય ને?”

કન્યાના પિતા કહે : “જેવી હોય એવી પણ ખાસ બનાવડાવી છે.”


ફુસકી મિયાંને એવી રીસ ચડી કે દાળનો પડિયો ઉઠાવ્યો અને ઘા કરી દીધો. બિચારા કન્યાના પિતા ડઘાઈ ગયા.

ફુસકી મિયાં બોલ્યા : “અને શાક પણ આવાં હોય અને પૂરીઓ પણ આવી હોય, એમ ને?”

એકદમ ફુસકી મિયાં ઊભા થઈ ગયા અને રીસ ચડાવીને ભાગ્યા. શીદ નાઠા, શીદ ઊઠી ગયા એમ કલબલાટ થઈ ગયો.

દલાશેઠ હસી હસીને ફૂલી ગયા.

હસતાં હસતાં કહે છે કે વાણિયાનાં જમણ ફુસકી મિયાંને ના ભાવ્યાં.જમી-પરવારીને બધા પાછા ઉતારે ગયા. દલાશેઠને તો મોજ થઈ ગઈ. આજ મિયાં



ફુસકીની પોતે રેવડી કરી હતી. વારે વારે હસે અને જે મળે તેને કહે કે ભઈ! ઘણા બેવકૂફોને વાણિયાનાં જમણ ના પણ ભાવે.

પણ મોડે મોડે વાત મળી કે ફુસકી મિયાં માટે રસોઇયાને મળીને જાનના જ કોઈ માણસે એવો શીરો ને એવી દાળ બનાવડાવ્યાં હતાં.

ફુસકી મિયાં સમજી ગયા કે એ કામ દલાશેઠનું.


હવે રાતે કન્યાના ઘરે ધામધૂમથી વરઘોડો ગયો. વરરાજા ઘોડે ચડે. ઢોલ-શરણાઈ બાજે. જાનડીઓ ગીતો ગાય. જાનૈયા બનીઠનીને આગળ ચાલે.

બધા નવાં નવાં કપડાં પહેરીને તૈયાર થયા.

ફુસકી મિયાંએ પણ નવું સૂથણું, નવું પહેરણ, નવી બંડી અને નવી ટોપી લગાવી દીધાં. મોજડી તો નવી નવી જ હતી. આમ બનીઠનીને ફુસકી મિયાં તૈયાર થયા. છેલ્લે મોજડી શોધે તો ન મળે. દલાશેઠે સંતાડી દીધેલી. સરસ કપડાં અને પગ ઉઘાડા હોય તો સારું ન લાગે. કપડું કોઈનું લઈને ચલાવી લેવાય, પણ જૂતાં કોઈના મગાય નહીં. જૂતાંની બીજી જોડી પણ કોઈ પાસે હોય નહીં. મિયાં ફુસકી મોજડી શોધી શોધીને થાક્યા. ત્યાં દૂર દૂર દલાશેઠને બોલતા સાંભળ્યા કે બેવકૂફોની મોજડીઓ પણ ઘણી વાર કૂતરા લઈ જાય છે.

હવે શું થાય? ફુસકી મિયાં ઉઘાડા પગે ચાલ્યા. વરઘોડો હીંડી નીકળ્યો છે. બધા ચાલ્યા છે. ફુસકી મિયાંને પણ જવું પડે. ઉઘાડા પગે વરઘોડામાં જવાય નહીં. છાનામાના ફુસકી મિયાં ઉતારે રહી ગયા.

પછી તો દલાશેઠના આનંદનો કોઈ પાર રહ્યો નહીં. પોતાનો ઉપરાઉપરી વિજય થયો. એમાંય છેલ્લા બે વિજય તો કડીતોડ હતા. રાતે સૂતાં સૂતાં



દલાશેઠ એની એ વાતો બધાને સંભળાવતા રહ્યા. ફુસકી મિયાંની વાતો સંભળાવીને દલાશેઠ આનંદ માણતા રહ્યા.

દાતણ-પાણી કરીને બધાએ તૈયાર થવાનું હતું. નાહવા માટે પાણી તૈયાર હતું. ફુસકી મિયાં વહેલા વહેલા ક્યાંક ઊપડી ગયા હતા. તે ક્યાંય દેખાતા નહોતા. દાતણ-પાણી થઈ ગયાં. ચા પિવાઈ ગઈ. સૌ કોઈ નાહીને પરવાર્યા.

છેલ્લે ફુસકી મિયાં આવી પહોંચ્યા.

તભા ભટ બેઠા હતા, તેમની બાજુમાં જ દલાશેઠ બેઠા હતા. પણ ફુસકી મિયાંને આવતા જોયા કે પોતાને ઊંઘ આવી ગઈ હોય એવો ડોળ કરીને દલાશેઠ આંખ મીંચી ગયા.

ફુસકી મિયાં દૂરથી દલાશેઠને જોઈ ગયા હતા.

તભા ભટ ફુસકી મિયાંને કહે : "અત્યાર સુધી ક્યાં હતા?"

ધીરેથી તભા ભટના કાનમાં ફુસકી મિયાંએ વાત કહી કે આ બેવકૂફ દલોશેઠ સાંભળશે તો આપણો તાલ બગડી જશે. બંદા નાહવાની ગોઠવણ કરીને આવ્યા છે. ઊનું પાણી હવે ખલાસ છે. છેલ્લી એક ડોલ હતી એ ભરીને બંદાએ નાહવાની ઓરડીમાં મૂકી દીધી છે. જુઓ, ખાસ ખાનગી વાત કે બધાને નાહવા માટે સુગંધી સાબુ વેવાઈએ આપેલો, પણ બંદાએ કોઈને આપ્યો નથી. એ સાબુ લગાડીને મોજથી નાહીશું. તમેય નહાજો. એ સાબુ સંતાડીને મેં નાહવાની ઓરડીમાં મૂકી રાખ્યો છે. ઓરડીમાં ઉજાસિયું છે એમાં મૂક્યો છે એટલે બીજા કોઈ જોઈ શકવાના





નથી. બદલવાનાં કપડાં લઈને હમણાં જ જાઉં છું. આ કમબખ્ત દલોશેઠ ઊંઘે છે એ સારું થયું. નહીં તો આ વાત તમને કહેવાત નહીં. હવે હું કપડાં કાઢું.

મિયાં ફુસકીએ કહી એ બધી વાત દલાશેઠે સાંભળી. તરત જ આળસ મરડીને દલાશેઠ બેઠા થયા. જોયું કે ફુસકી મિયાં પોતાનાં કપડાં કાઢી રહ્યા છે. એટલી વારમાં તો દલાશેઠ નાહવાની ઓરડીમાં એકદમ પહોંચી ગયા. વિચાર કર્યો કે મિયાં ફુસકીની નાહવાની મઝા હું જ લઈ લઉં અને મિયાંને ખરેખરી મઝા ચખાડું.

દલાશેઠે તો એકદમ કપડાં કાઢ્યાં. બદલવાનું ધોતિયું લઈને ઝટ ઝટ નાહવાની ઓરડીમાં ઘૂસી ગયા. ડોલમાં ગરમ પાણી તો હતું જ. પેલા ઉજાસિયામાં જોયું તો સાબુ મળી ગયો. મઝાની સુગંધ હતી. ધોતિયું દોરી પર લટકાવી દીધું. મોજથી નાહવા બેસી ગયા.

ફુસકી મિયાંએ એક બહેન પાસેથી મઝાની સાડી માગી લીધી હતી.

ભટજીને સાથે લઈને મિયાં નાહવાની ઓરડી પાસે ગયા. ઉપર જાળિયું હતું ત્યાં ઊભા રહ્યા. નાહવાની ઓરડીમાં જય શ્રી કૃષ્ણ, જય જલારામ, જય ઓલિયા પીર એમ બોલતા જાય છે અને દલાશેઠ નાહવા બેઠા છે.

દલાશેઠ એમ સમજતા હતા કે ફુસકી મિયાંને બદલે પોતે નાહવા બેસી ગયા છે. એટલે સાબુ હાથમાં લઈને બોલ્યા કે આ મઝાનો સાબુ બંદા મોજથી શરીરે લગાડશે અને મોજથી નાહશે. આમ બોલીને પોતે ખોંખારો ખાધો અને સાબુ માંડ્યા ચોપડવા.

મિયાં અને તભા ભટ ઊભા ઊભા દલાશેઠની વાત સાંભળે છે.

તભા ભટ બોલ્યા : "લો, આ તો તમારે બદલે દલાશેઠ નાહવા બેસી ગયા છે."

ફુસકી મિયાંએ નાકે આંગળી મૂકી કે ચૂપ રહેજો. દલાશેઠને મોજથી નાહવા દો. દલાશેઠે સાબુ તો બમણો ને ચાર ગણો ચોપડી દીધો. માંડ્યા રગડવા. હવે ફુસકી મિયાં તૈયાર થયા. તભા ભટને ગોઠણભેર બેસાડી દીધા. પોતે પીઠ પર ચડી ગયા. ઊંચે ભીતમાં નાહવાની ઓરડીની જાળી હતી.

એ જાળિયામાં મિયાંએ હાથ નાખ્યો. અંદરની બાજુ ધોતિયું દોરી પર ટાંગેલું હતું એ ખેંચી લીધું અને પેલી સાડી એની જગાએ મૂકી દીધી.

દલાશેઠ તો સાબુ ચોપડીને ફીણના ગોટામાં લપેટાઈ ગયા હતા. મોઢા પર સાબુ હતો એટલે જોઈ શક્યા નહોતા કે શું બને છે. ધોતિયું ગયું અને સાડી આવી એ જાણ્યું નહીં.

ફુસકી મિયાં હવે બોલ્યા : "અમારે બદલે કોણ નાહવા બેસી ગયું છે ?"

દલાશેઠે સાંભળ્યું. ભારે આનંદ પામ્યા. વધારે વધારે સાબુ આખા ડિલે ચોપડ્યો. ફુસકી મિયાંનો સાબુ છે, વપરાય એટલો વાપરવો.

ફુસકી મિયાં બહાર આવી ગયા છે એમ જાણ્યું એટલે દલાશેઠ વિવાહના ગીતના રાગમાં ગાવા માંડ્યા :

*રે... આનંદ ભરિયાં*
*આજ અમે લાખેણો સાબુ*
*જીત્યા રે... આનંદ ભરિયાં.*
*આજ અમે સાબુ ચોળીને*
*નહાયા રે... આનંદ ભરિયાં,*
*આજ અમે સાબુના સાગર*
*વહાવ્યા રે... આનંદ ભરિયાં.*
*આજ અમે મિયાંના સાબુએ*
*નાહ્યા રે... આનંદ ભરિયાં.*



તભા ભટ બોલ્યા : “ફુસકી મિયાં, આ ગીત તમને દલાશેઠ સંભળાવે છે હોં?”

મિયાં કહે : “તમે જોતા રહો. આ ગીતનો હમણાં અંત આવશે. પછી જોજો મઝા.”

ઘણો ઘણો સાબુ ચોળીને દલાશેઠ ધરાયા. હવે પાણીના લોટા ભરી ભરીને માથે નાખ્યા. સાબુનાં ફીણ ધોવાયાં અને એ સાથે માથાના થોડા થોડા વાળ અને મૂછના બધા વાળ દલાશેઠની આંગળીઓમાં ભેરવાઈ ગયા.

આ શું?


દલાશેઠે મોઢા પરનો સાબુ ધોઈ નાખ્યો અને જોયું તો સાબુ સાથે માથા પરના વાળ પણ ધોવાઈ ગયા છે. માથે લીસો મૂંડો તો હતો જ, પણ થોડા થોડા વાળ રહી ગયેલા એ પણ સાફ થઈ ગયા. મોઢા પરની મૂછો અને નેણના વાળ પણ ગયા!

અરરર? આમ કેમ થયું?

દલાશેઠ થડકો ખાઈ ગયા. મૂછ વિના અને નેણના વાળ વિના પોતાનું મોઢું કેવું લીસું હાંડલીના તળિયા જેવું થઈ ગયું હશે?

હવે મિયાં ફુસકીએ જાળિયાની કોર પકડીને અંદર જોયું. દલાશેઠનો તાલ જોઈ લીધો. ભટજીને કહે કે હવે જરા ખૂણામાં આવી જાઓ.

દલાશેઠ સમજી ગયા કે આ ખેલ ફુસકી મિયાંએ કર્યો લાગે છે. સુગંધી સાબુને બદલે વાળ સાફ કરવાનો સાબુ મૂકી દીધો હશે. અરરર! પણ હું કેવો બેવકૂફ કે સાબુ કેવો છે એ પણ જોયું નહીં. આ સાબુ લગાડીએ તો વાળ નીકળી જાય



છે એ પણ મેં જોયું નહીં. હવે આવું મોઢું બીજા જોશે તો શું કહેશે? આ તો ફજેતીનો પાર રહ્યો નહીં. ઠીક, હવે ધોતિયું બદલી નાખું. માથા પર ઓઢી લઉં અને કોઈ ન જુએ એમ કપડાં પહેરીને જતો રહું.

આમ વિચાર કરીને દલાશેઠે પોતાનું ધોતિયું લીધું. ઉતાવળમાં જોયું નહીં કે આ ધોતિયું નથી પણ મિયાંએ મૂકેલી સાડી છે. એકદમ ભીનું ધોતિયું કાઢી નાખ્યું. સાડીનો એક છેડો ઝટ લપેટી લીધો અને બીજો છેડો માથે ઓઢી લીધો. ધીરેથી બારણું ઉઘાડ્યું. ડોકિયું કરીને જોઈ લીધું કે બહાર પોતાને કોઈ ન જુએ એમ બહાર નીકળું. સારા જોગે બહાર બીજું કોઈ ન નીકળ્યું. ત્યાં પોતાના મોઢા આગળ સાડીને છેડો દેખાયો. ઝટ ઝટ પગ ઉપર જોયું તો દેખાયું કે પોતે સાડી ઓઢી લીધી છે.

હવે શું થાય?

હાય હાય.

પોતે નાહવાની ઓરડીમાંથી બહાર નીકળી ગયા છે. વિચાર્યું કે ઝટ ઝટ જાઉં પછી વાંધો નહીં. એમ વિચારીને થોડું ચાલ્યા હશે ત્યાં તો સામેથી બે-ચાર જાનૈયા આવતા દેખાયા. દલાશેઠે વિચાર કર્યો કે આ લોકો મને જોઈ જશે તો ઉપાધિ થશે. માટે ઝટ પાછો વળી જાઉં. નાહવાની ઓરડીમાં ઘૂસી જાઉં. આ લોકો પસાર થઈ જાય એટલે બહાર નીકળું.



આમ વિચારીને દલાશેઠ ઓરડી તરફ પાછા વળી ગયા. ત્યાં સુધીમાં ફુસકી મિયાંએ ઝડપથી એક કામ કર્યું. નાહવાની ઓરડીમાં જઈને દલાશેઠનું પલળેલું ધોતિયું લઈ લીધું અને એકદમ બહાર નીકળી ગયા. દલાશેઠ ઓરડીમાં પાછા ગયા. વિચાર કર્યો કે ધોતિયાને બદલે સાડી મૂકનાર પણ એ કમબખ્ત ફુસકિયો જ હશે. હવે હું પાછો ઓરડીમાં આવ્યો છું તો લાવ સાડી કાઢી નાખું અને ભીનું ધોતિયું પહેરી લઉં.


જ્યાં ધોતિયું લેવા જાય તો ત્યાં કશું ન મળે.

અરે! ધોતિયું ગુમ થયું?

આટલી જ વારમાં?

ફુસકી મિયાંને અને તભા ભટને બોલાવવા ટીકાશેઠે માણસ મોકલ્યો હતો. તે માણસે આવીને બૂમ પાડી કે તભા ભટ અને ફુસકી મિયાં ક્યાં છે? ઝટ ચાલો, શેઠજી બોલાવે છે.

દલાશેઠને આનંદ થયો કે એ બન્ને જાય પછી વાંધો નહીં, ઝટ ઝટ નીકળી જઈશ. પણ કોઈ ઓરડી ઉઘાડે તો શું થાય? તેથી અંદરથી સાંકળ વાસી દીધી.



તભા ભટે અને ફુસકી મિયાંએ પેલા માણસને કહ્યું : "તું જઈને કહે કે આપણા ઉતારામાં એક ગઠિયો ઘૂસી ગયો છે. તેથી તેને ઓરડીમાં પૂરીને ત્યાં ચોકી કરી રહ્યા છે."

પેલો માણસ દોડતો પાછો ગયો. ફુસકી મિયાંએ પાંચ-દસ મહેમાનોને વાત કરી દીધી કે કોઈ ગઠિયો ઘૂસી ગયો છે.

બધા કહે : "ક્યાં?"

ફુસકી મિયાં કહે : "નાહવાની ઓરડીમાં. આપણે બધા છાનામાના થઈ જાઓ. તે બહાર નીકળશે એટલે પકડી લઈશું."

બધા છાનામાના ઊભા રહ્યા. દલાશેઠ લફડ ફફડ સાડી પહેરીને ભાગ્યા.

મિયાં ફુસકીએ બધાને કહ્યું : "જુઓ, ગઠિયો નાઠો. ભારે પાકો ગઠિયો છે. નાહવાની ઓરડીમાં ઘૂસ્યો ત્યારે કોઈ મહેમાન હોય એવો થઈને પેસી ગયેલો. કોઈ ગઠિયો જ છે. તે લાગ જોઈને બહાર નીકળ્યો છે, પણ સાડી ઓઢીને નીકળ્યો છે. જુઓ જુઓ, તે બાઈઓના ઓરડામાં પેઠો."



બાજુમાં પહેલો જ ઓરડો જાનની બહેનો માટે હતો. તે બધી અત્યારે માંડવે ગીત ગાવા ગઈ હતી. દલાશેઠ ઓરડો ભૂલી ગયા અને ગભરાટમાં બાઈઓના ઓરડામાં પેસી ગયા.

ફુસકી મિયાંએ બધાને કહ્યું : “જોયું ને? ગઠિયો બાઈઓના ઓરડામાં પેઠો. બાઈઓ નથી એટલે તેને એમ હશે કે ઘરેણાં કે કપડાં મળી જશે.”

બીજા બોલ્યા : “હવે વાર કરો મા. એ ઓરડાનું બારણું વાસીને બહારથી બંધ કરી દઈએ. પછી પોલીસને બોલાવીએ.”

મિયાં ફુસકી કહે : “સરસ વાત. ચાલો ત્યારે.”

બધા ઝટ ઝટ ગયા. એકદમ બારણાં વાસીને બહારથી સાંકળ પણ ભેરવી દીધી.

દલાશેઠની દશા ખરેખરી થઈ.

શરીર પર સાડી લપેટી છે. માથે પણ છેડો ઓઢી લીધો છે. આવા વેશમાં એક ઓરડામાં પેસી ગયા. જાનની સ્ત્રીઓ માટેનો એ ઓરડો હતો. બધી જાનડીઓ અત્યારે વેવાઈના ઘરે ગઈ હતી. ઓરડો ખાલી હતો. દલાશેઠ એમાં ભરાઈ ગયા. પણ દલાશેઠથી ભૂલ થઈ ગઈ. પોતે ગભરાટમાં હતા. નાહવાની ઓરડીમાંથી ઝટ ઝટ ભાગ્યા હતા. પોતે ઊતર્યા હતા એ ઓરડામાં જવું હતું, પણ ગભરાટમાં બારણું ભૂલી ગયા અને બાજુના બારણામાં પેસી ગયા. એ ઓરડો સ્ત્રીઓનો હતો. દલાશેઠને એમ હતું કે અત્યારે કોઈ જોતું નથી એટલે ઓરડામાં જઈને સાડી કાઢી નાખીને બીજાં કપડાં પહેરી લઈશ. ઓરડામાં જઈને જોયું તો આ પોતાનો ઓરડો નહોતો. ત્યાં તો બહાર ફુસકી મિયાં અને તભા ભટ આવ્યા. જરા ખોંખારો ખાધો એટલે દલાશેઠ ચૂપચાપ બેસી ગયા.

